**-:: ફોજદારી અપીલ નં. ૧૩૫/૨૦૨૫ ના કામે આંક-૧ લગત હુકમ ::-**

૧. એપેલેન્ટ/આરોપીને વિ. ટ્રાયલ કોર્ટે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી સજા અને વળતર ચુકવવાનો હુકમ કરેલ છે. સદરહુ વાદગ્રસ્ત હુકમથી નારાજ થઈને એપેલેન્ટ/આરોપીએ હાલની આ અપીલ દાખલ કરેલ છે. હવે બન્ને પક્ષે એટલે કે એપેલેન્ટ/આરોપી તથા રીસ્પોડન્ટ/મુળ ફરીયાદી વચ્ચે સમાધાન થઈ ગયેલ છે તેવુ આ કામે આંક-૨૬ ની પુરસીસ આપીને જાહેર કરેલ છે. બન્ને પક્ષકારોને પુછતાં તેઓને આ સમાધાન કબુલ મંજુર હોવાનું જણાવેલ છે અને સમાધાનનું લખાણ સ્વીકારેલ છે. મુળ ફરીયાદીને આરોપી પાસેથી આ કેસ બાબતેની કોઈ લેવડ-દેવડ બાકી રહેતી નથી, તે બાબતની ખાત્રી કરવામાં આવેલ છે. હવે સમાધાન થતા એપેલેન્ટ/આરોપી અપીલ આગળ ચલાવવા માંગતા નથી. વળી, આ કામ આજરોજ **કાયમી લોક અદાલત**માં રાખેલ છે અને બન્ને પક્ષે સમાધાન થઈ ગયેલ છે. જે સમાધાન નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૪૭ મુજબ પરવાનગીને પાત્ર છે અને તે મુજબ બન્ને પક્ષોને આંક-૨૫ ની અરજી અન્વયે પરવાનગી આપવામાં આવેલ છે.

૨. આ કામે પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયેલ હોય, તે સમાધાન રેકર્ડ ઉપર લેવામાં આવે છે અને એપેલેન્ટને વિ. ટ્રાયલ કોર્ટે કરેલ સજા રદ કરવામાં આવે છે.

૩. આ સમાધાન કાયમી લોકઅદાલતમાં થતુ હોય, નામ. સુપ્રિમ કોર્ટના **મધ્ય પ્રદેશ સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી વિ. પ્રતિક જૈન (૨૦૧૪(૬) સુપ્રિમ, પાના નં.૭૫૯)** ના ચુકાદા મુજબ એપેલેન્ટ/આરોપીને સ્પેશ્યલ કોસ્ટ કરવામાં આવતી નથી.

૪. ઉપરોકત અવલોકનો સાથે હાલની કન્વીકશન અપીલ ફેંસલ ગણવામાં આવે છે.

૫. વિ. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ તાત્કાલીક મોકલી આપવુ.

આ હુકમ આજરોજ તા.૧૬મી,માહે-મે, સને-૨૦૨૬ ના રોજ કાયમી લોકઅદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૬.૦૫.૨૦૨૬
સ્થળ-વેરાવળ

**(વિક્રમસિંહ બી. ગોહિલ)**
સત્ર ન્યાયાધિશ
ગીર સોમનાથ, વેરાવળ
કોડ નં. જીજે૦૧૦૪૨